અપીલ અરજી નં.૨૨૮ તા.૧૦–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી ,કતારગામ ઝોન

***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૨૩–૯–૦૮ ની અરજીથી શ્રી દિપક શુકલ, એસેસમેન્ટ રીકવરી ઓફિસર તરીકે નોર્થઝોન ખાતે હાજર થયા એટલે કે તા.૧૭–૮–૦૭ થી તા.૨૦–૯–૦૮ સુધી કેટલા તુમારો (નવી આકારણી) ના રજુ કરવામાં આવ્યા? અને કેટલા તુમારોનો નિકાલ કરી આકારણી દફતરે નોંધણી કરવામાં આવી? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૦૮ ની અપીલ અરજી નં.૨૨૮/૨૦૦૮–૦૯

શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની તા.૨૩–૯–૦૮ ની અરજીથી શ્રી દિપક શુકલ, એસેસમેન્ટ રીકવરી ઓફિસર તરીકે નોર્થઝોન ખાતે હાજર થયા એટલે કે તા.૧૭–૮–૦૭ થી તા.૨૦–૯–૦૮ સુધી કેટલા તુમારો (નવી આકારણી) ના રજુ કરવામાં આવ્યા? અને કેટલા તુમારોનો નિકાલ કરી આકારણી દફતરે નોંધણી કરવામાં આવી? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૨ તા.૧૪–૧૧–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮ કે ૧૧ પૈકીનો કોઈ અપવાદ અરજદારને જણાવી વિગતો અત્રે રજુ કરેલ નથી.

અરજદારે શ્રી દિપક શુકલ, એસેસમેન્ટ રીકવરી ઓફિસર તરીકે નોર્થઝોન ખાતે હાજર થયા એટલે કે તા.૧૭–૮–૦૭ થી તા.૨૦–૯–૦૮ સુધી કેટલા તુમારો (નવી આકારણી),ભાગલાના તુમારો, નામફેરના તુમારો રજુ કરવામાં આવ્યા? અને કેટલા તુમારોનો નિકાલ કરી આકારણી દફતરે નોંધણી કરવામાં આવી?જેમાં નવી આકારણી દાખલ ભાગલા તેમજ નામફેર કરવાના કેટલા તુમારો હાલ તેમની પાસે પડતર છે કેટલા દિવસથી પડતર છે અને પડતર રહેવાના વિગતવારના કારણો વિગેરેની માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ તેમજશ્રી દિપક શુકલે નિયત સમય મર્યાદામાં બદ ઈરાદાથી માહિતી પૂરી ન પાડવા સબંધે શિક્ષાત્મક કાર્યવાહી સબંધે રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોઈ, નહીં પૂરી પાડેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં પુરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી ન પાડવા સબંધે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહીની સત્તા આરટીઆઈ એકટના કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને સત્તા હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી."

નં.આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨–૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર,***
***સુરત મહાનગરપાલિકા.***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થ ઝોન).......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી,